બીવીએમમાં રાજ્યકક્ષાએ સ્માર્ટ ગુજરાત હેકેથોન ફોર ન્યુ ઈન્ડિયાનો આરંભ

બીવીએમ કોલેજ ખાતે રાજ્યકક્ષાએ સ્માર્ટ ગુજરાત હેકેથોનના કાર્યક્રમ પ્રસંગે મુખ્ય મહેમાન ડૉ. ધવલ પટેલ, સીવીએમના ચેરમેન ભીખુભાઈ પટેલ (એન્જીનિયર), માનદ મંત્રી ડૉ. એસ. જી. પટેલ, વી. એમ. પટેલ, આચાર્ય ડૉ. ઈન્દ્રજીત પટેલ તથા અન્ય મહાનુભાવો.
(તસવીર : સલીમ, મમતા સ્ટુડીઓ, વિદ્યાનગર)

વિદ્યાનગર, તા. ૧૨ ચારૂત્તર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે તા. ૧૨/૩/૨૦૧૮ ના રોજ એસઆઈપી અંતર્ગત રાજ્યકક્ષા લેવલે સ્માર્ટ ગુજરાત હેકેથોન ફોર ન્યુ ઈન્ડિયા ૨૦૧૮ નો વિધિવત રીતે આરંભ કરવામાં આવ્યો છે. જેમાં રાજ્યકક્ષાએ કુલ ૪ સેન્ટર નક્કી કરવામાં આવ્યાં છે. જેમાં બીવીએમ ખાતે એનર્જી એન્ડ પેટ્રો, ઉદ્યોગો અને માઈન્સ, એગ્રીકલ્ચર, ફૂડ એન્ડ સિવિલ, ટ્રાઈબલ, સ્પોર્ટસ એન્ડ યુથ, એજ્યુકેશન-૨ એમ કુલ ૮ મીનીસ્ટ્રીના પ્રોબ્લેમ્સ ઉપર ૪૦૦ થી વધારે સ્પર્ધકો ૬૯ જેટલી ટીમો સતત ૩૬ કલાક લેન્ગવેજ કોર્ડીંગ કરશે. આ ઈવેન્ટના ઉદ્ઘાટન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ચારૂત્તર વિદ્યામંડળના અધ્યક્ષ ભીખુભાઈ પટેલ, માનદ મંત્રી એસ. જી. પટેલ, વીએમ. પટેલ, ધવલ પટેલ (કલેકટર, આણંદ), ડૉ. ઈન્દ્રજીત એન. પટેલ, ડૉ. ભાર્ગવ ગોરડિયા, એમ. સી. ચુડાસમા, વાય. વી. જોશી ઉપસ્થિત રહ્યા હતા. અધ્યક્ષ ભીખુભાઈ પટેલે સરકારની આ કામગીરીની સરાહના કરી હતી. સંચાલન પ્રો. રૉબીન્સન પોલે કર્યુ હતું. ડૉ. એલ. બી. ઝાલાએ આભાર વ્યકત કર્યો હતો.

પેટલાદ તાલુકાની વિવિધ શાળાઓમાં આજથી ધો. ૧૦ અને ધો. ૧૨ ની બોર્ડની પરીક્ષાનો પ્રારંભ થયો છે. પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઈસ્કૂલમાં પરીક્ષાર્થીઓને ગુલાબ આપી તિલક કરીને આવકાર્યા હતા. નગરપાલિકા પ્રમુખ જૈમીનીબેન પટેલ, આચાર્ય જયેશ પટેલ, કાઉન્સીલર સૌરભ પટેલ અને ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા ચોકલેટ ખવડાવીને મોઢું મીઠું કરાવ્યું હતું. (તસવીર : હર્ષદ બ્રહ્મભટ્ટ, પેટલાદ)

રાજ્યમાં ગરમીનો પારો ૩૭ થી ઉપર

અમદાવાદ,તા. ૧૨ રાજયભરમાં ગરમીના પ્રમાણમાં વધુ વધારો થયો છે. આજે અમરેલીમાં પારો ૩૮.૮ સુધી પહોંચી ગયો હતો. રાજયના અનેક ભાગોમાં પારો ૩૮ સુધી પહોંચ્યો છે ત્યારે અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૩૭.૧ ડિગ્રી રહ્યું હતું. ગરમીનો અનુભવ હવે લોકોને થવા લાગી ગયો છે. આવતીકાલે પણ પારો ૩૭ સુધી રહે તેવી શકયતા છે.

આગામી બે ત્રણ દિવસ દરમિયાન લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં મોટાભાગે વધુ ફેરફાર નહીં થાય.

પત્રકાર સ્વ. વાસુદેવ મહેતા સ્મૃતિગ્રંથનું લોકાર્પણ અને તેમના પત્રકારત્વના મહિમાગાનનો કાર્યક્રમ યોજાયો

અમદાવાદ, તા. ૧૨ વાસુદેવ મહેતા એક અજોડ પત્રકાર હતા. લોકનિષ્ઠા અને મૂલ્યનિષ્ઠા સાચવીને તેમણે પાંચ દાયકાથી પણ વધારે સમય સુધી પત્રકારત્વ કર્યું હતું. તેમણે કાયમ પોતાને યોગ્ય લાગે તે લખ્યું, કોઈની શેહ-શરમમાં તેઓ આવ્યા નહીં. જોખમો કે પ્રલોભનોએ તેમને વિચલિત કર્યા નહીં. લોકહિતમાં સાચું લાગે તે તેમણે સતત લખ્યું. આ શબ્દો જાણીતા સાહિત્યકાર અને ચિંતક કુમારપાળ દેસાઈએ સત્ત્વ અને સત્યના ઉપાસક વાસુદેવ મહેતા એ વિષય પર બોલતાં કહ્યા હતા. આ કાર્યક્રમ અમદાવાદમાં ગુજરાત વિશ્વકોશના હીરાલાલ ભગવતી સભાગૃહમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને ગુજરાત દર્પણ (અમેરિકા)ના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. કુમારપાળ દેસાઈએ ઉમેર્યું હતું કે તેમનું જીવન સાદુ હતું અને તેઓ કોઈ પણ ભોગે મૂલ્યનિષ્ઠાને વળગી રહેવામાં માનતા હતા.

આ પ્રસંગે તેમના હાથ નીચે ભણેલાં અને તેમનાં પૂર્વ સહકાર્યકર પ્રીતિબહેન શાહે વાસુદેવ મહેતાની નિર્ભિક અને લોકભોગ્ય ભાષાશૈલીની ચર્ચા ઉદાહરણો આપીને કરી હતી. તેમણે કહ્યું હતું કે તેઓ પોતાની વાતને સચોટ અને અસરકારક રીતે મૂકી શકતા હતા.

વાસુદેવ મહેતાના દીકરા ધ્રુવમન મહેતાએ પોતાના પિતાનાં કેટલાંક રસપ્રદ સ્મરણો વાગોળીને વાસુદેવ મહેતાના વ્યક્તિત્વની બીજી બાજુ રજૂ કરી હતી

જાણીતા પત્રકાર અને તંત્રી રમેશ તન્નાએ વાસુદેવ મહેતાના જીવન-કવન અને પ્રદાન વિશે ચર્ચા કરતાં જણાવ્યું હતું કે ૮૦ વર્ષના પોતાના આયખામાં તેમણે આશરે ૫૫ વર્ષ સક્રિય પત્રકારત્વ કર્યું હતું. તેઓ એક એવા પત્રકાર હતા જેમણે પોતાની રાજકીય સમીક્ષા દ્વારા વાચકોના રાજકીય મતનું ઘડતર કર્યું હતું. પત્રકાર અને કટારલેખક તરીકે તેમણે ખૂબ જ મહેનત કરીને સક્ષમતા કેળવી હતી. ૧૯૬ વર્ષના ગુજરાતી પત્રકારત્વની સફરમાં આગલી હરોળના ૧૫-૨૦ પત્રકારોનાં નામો નક્કી કરવાં હોય તો તેમાં અચૂક નામ મૂકવું પડે તેવું માતબર અને નોંધપાત્ર તેમનું પ્રદાન હતું. આ પ્રસંગે વાસુદેવ મહેતાના દીકરા અને નિવૃત ન્યાયમૂર્તિ (એજ્યુકેશન ટ્રિબ્યનલ) ધ્રુવમન મહેતાએ પોતાના પિતાનાં કેટલાંક રસપ્રદ સ્મરણો વાગોળીને વાસુદેવ મહેતાના વ્યક્તિત્વની બીજી બાજુ રજૂ કરીને શ્રોતાઓની તાળીઓ મેળવી હતી. આ પ્રસંગે ગુજરાત દર્પણના સ્થાપક તંત્રી સુભાષ શાહે જણાવ્યું હતું કે અમે આ વ્યાખ્યાનમાળા સાથે જોડાઈ શક્યા તેનો અમને આનંદ છે. પ્રકૃષ્ટ ભારતીયે પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે વાસુદેવ મહેતાનું પ્રદાન લાંબો સમય યાદ રહેશે. તેમણે અમેરિકા સ્થિત સુભાષ શાહની સાહિત્યિક સેવાઓને પણ બિરદાવી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન જશુ કવિએ કર્યું હતું. આ કાર્યક્રમમાં ચંદ્રકાન્ત શેઠ, રોહિત પટેલ, સુભાષ શાહ (આણંદ) જંયતિ દવે, ભૂપત પારેખ, શૈલેષ પરીખ, હિમ્મત શાહ, અસ્ત્રણ શાહ, મહેશ જોશી, ભિખેશ ભટ્ટ, રોહિત શાહ, દિલીપ દવે, પ્રદીપ ત્રિવેદી, બંકિમ મહેતા, ભૂમિકા ભાવસાર સહિત મોટી સંખ્યામાં સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા.

બીજેવીએમ કોલેજમાં ૬૭માં વાર્ષિક દિનની ઉજવણી કરાઈ

આણંદ, તા.૧૨ ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ભીખાભાઈ જવાભાઈ વાણીજ્ય મહાવિદ્યાલયના ૬૭મા વાર્ષિક દિનની ઉજવણી સી.વી.એમ.ના અધ્યક્ષ ભીખુભાઈ પટેલના પ્રમુખ પદે તથા ગુજરાત ઈનોવેચન સોસયટીના ચેરમેન સુનિલ શાહના મુખ્ય મહેમાન પદે કરવામાં આવી.

આ પ્રસંગે ચારૂતર વિદ્યામંડળના માનદ મંત્રી એસ.જી.પટેલ, સહમંત્રી વી.એમ.પટેલ, નિખિલ ઝવેરી, તથા સી.વી.એમ સંચાલિત વિવિધ સંચાલનોના આચાર્યો તથા આમંત્રિત મહેમાનો તથા બીજે વીએમ એલ્યુમનીના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રિન્સિપાલ ડૉ. કેતકી શેઠે સ્વાગત કરી વર્ષ દરમ્યાન થયેલ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓનો અહેવાલ રજુ કર્યો હતો.

સમારંભના મુખ્ય મહેમાન સુનિલ શાહે વિદ્યાર્થીઓને જીવનમાં ઈનોવેશનની ભૂમિકા ઉપર પ્રવચન આપ્યું હતું.

સમારંભન પ્રમુખ સ્થાનેથી એન્જીનીયર ભીખુભાઈ પટેલે સંસ્થાના કાર્યોથી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

બી.જે.વી.એમ કોમર્સ કોલેજનો ૬૭મો વાર્ષિકોત્સવ ઉજવાયો. સમૃદ્ધિ બુક વિમોચન કરતી મુખ્ય મહેમાન ડૉ. મેહુલ શાહ, સી.વી.એમ ચેરમેન ભીખુભાઈ પટેલ, (એન્જીનીયર) માનદ મંત્રી, ડૉ. એસ. જી. પટેલ, ડાયરેક્ટર જનરલ ડૉ. નિખિલ ઝવેરી, આચાર્ય ડૉ. કેતકી શેઠ, ઉપપ્રમુખ રૂપલ વોરા, આઈ. એમ. ટેલ, ડૉ. પરેશ મોરપરા, પ્રદિપ વસાવા તે મહાનુભાવો દ્વારા સન્માનીત કરાયા હતા. તેમજ કોલેજના તેજસ્વી તારલાઓને પણ શીલ્ડ એનાયત કરાયા હતા. (તસવીર : સલીમ, મમતા સ્ટુડીઓ, વિદ્યાનગર)

મહાનુભાવોના હસ્તે વિવિધ શૈક્ષણિક તેમજ સહ શૈક્ષણિક ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પારિતોષિક એનાયત કરવામાં આવ્યા હતા. શ્રી આઈ. એન. ટેકેલને બેસ્ટ એન.સી.સી. ઑવોર્ડ મેળવવા બદલ ફીઝીકલ ઈન્સ્ટ્રક્ટર પ્રદિપ વસાવાને રમત ગમત ક્ષેત્રમાં પારિતોષિક આપવામાં આવ્યાં. સંચાલન ડૉ. રૂપલ પટેલ તથા ટીના સંઘવીએ કર્યુ હતું. જનરલ સેક્રેટરી ધવલ ભાનુશાલીએ આભાર વિધી કરી હતી.

આણંદ એજ્યુ. કોલેજ તથા આણંદ કોલેજ ઓફ એજ્યુ.નો સંયુકત વાર્ષિકોત્સવ ઉજવાશે

આણંદ, તા. ૧૨ શ્રી રામકૃષ્ણ સેવા મંડળ સંચાલિત આણંદ એજ્યુકેશન કોલેજનો ૩૭ મો તથા આણંદ કોલેજ ઓફ એજ્યુકેશનનો ૧૫ મો વાર્ષિકોત્સવ આગામી તા. ૧૬/૩/૨૦૧૮ ને શુક્રવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ભાઈકાકા હોલ, આણંદ ખાતે યોજાશે.

આ વાર્ષિકોત્સવમાં સમારોહ અધ્યક્ષ તરીકે મંડળના પ્રમુખ હેમંતભાઈ પટેલ, મુખ્ય મહેમાન તરીકે યુનિ. સ્કૂલ ઓફ સોશ્યલ સાયન્સ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ડાયરેક્ટર પ્રો. ડૉ. રાજસી કલાર્ક, અતિથિવિશેષ તરીકે મંડળના માનદ મંત્રી જ્યોસનાબેન પટેલ ઉપસ્થિત રહેશે એમ આણંદ એજ્યુકેશન કોલેજના પ્રિ. ડૉ. ધીરજભાઈ પરમાર, વિદ્યાર્થી મંડળના ઉપાધ્યક્ષ ડૉ. બિજલબેન આર. મિસ્ત્રી તથા આણંદ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રિ. પ્રકાશભાઈ પટેલ અને વિદ્યાર્થી મંડળના ઉપાધ્યક્ષ ડૉ. જેનીફરબેન ક્રિશ્ચિયને એક અખબારી યાદીમાંજણાવ્યું છે.

જાહેર નોટીસ

અમો વકીલશ્રી રાકેશ કે. વસાવા, રહે.આણંદના તે જાહેર જનતા જોગ આ નોટીસથી જણાવીએ છીએ કે...

મોજે ગામ રાસનોલ, તા.જી.આણંદના (૧) બ્લોક/સર્વે નં.૬૦૮, જેનું કુલ ક્ષેત્રફળ હે.૦-૬૨-૭૩ આરે આકાર ₹૬.૩૭ પૈસા, ખાતા નં.૧૪૨૩ તથા (૨) બ્લોક/સર્વે નં.૬૦૯/૧, જેનું કુલ ક્ષેત્રફળ હે.૦-૫૬-૬૫ આરે આકાર ₹૫.૯૫ પૈસા, ખાતા નં.૧૪૪૩ તથા (૩) બ્લોક/સર્વે નં.૬૦૯/૨, જેનું કુલ ક્ષેત્રફળ હે.૦-૦૩-૦૪ આરે આકાર ₹૦.૩૧ પૈસા, ખાતા નં.૧૪૪૫, તથા (૪) બ્લોક/સર્વે નં.૬૦૯/૩, જેનું કુલ ક્ષેત્રફળ હે.૦-૦૫-૦૬ આરે આકાર ₹૦.૫૦ પૈસા, ખાતા નં.૧૪૪૪ તથા (૫) બ્લોક/સર્વે નં.૬૧૦, જેનું કુલ ક્ષેત્રફળ હે.૦-૪૪-૫૨ આરે આકાર ₹૪.૫૦ પૈસા, ખાતા નં.૧૪૭૭ વાળી તમામ ખેતીલાયક જમીનો લક્ષ્મણજી જવાનજી ડોડીયા, રહે. આણંદ, તા.જી.આણંદનાઓની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની સેલેબલ, સંપુર્ણ ટાઈટલ ક્લીયર કોઈ પણ જાતના બોજા કે તકરાર વિનાની આવેલ છે તેમ જણાવી તેઓએ સદર જમીનો અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને સદર જમીનોના ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે, જેથી ભવિષ્યે કોઈ દર-દાવો કે તકરારનો અવકાશ ટાળવાના હેતુસર આ નોટીસથી જણાવવાનું કે, સદર જમીનો ઉપર જે કોઈ વ્યક્તિ, સંસ્થા કે બેંકનો કોઈ બોજો, લેણું કે ધિરાણ હોય યા અન્ય કોઈ હક્ક, અધિકાર, રાઈટ, ટાઈટલ કે ઈન્ટરેસ્ટ યા કોઈ પણ કોર્ટ, કચેરીમાં સદરહુ જમીનો અંગે કોઈ કેસ પેન્ડીંગ હોય અથવા તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-વિરોધ હોય તો દિન-૭માં અમોને નીચેના સરનામે પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી, અન્યથા સદર મુદત વિત્યે કોઈનો કશી પ્રકારનો હક્ક, દાવો, લેણું કે વાંધો નથી અને હોય તો તે વેચ કરેલ (જતો કરેલ) છે તેમ ગણી સદરહુ જમીનો ટાઈટલ ક્લિયર હોવાના નાતે અમારા અસીલ સદર જમીનો વેચાણ રાખશે તેમજ અમો સદર જમીનોનું ટાઈટલ ક્લીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરીએ ત્યારબાદ તેમાં કોઈની કશી પણ તકરાર ચાલશે નહીં તેની નોંધ લેવી.

તારીખ : ૧૩/૩/૨૦૧૮

મારી મારફતે : **રાકેશ કે. વસાવા (એડવોકેટ)**
C/o. પ્રકાશભાઈ પી. પટેલ, ૩૦૧, મારૂતિ સુનંદ, ત્રીજો માળ, દેના બેંક સામે, અમુલ ડેરી રોડ, મુ.તા.જી.આણંદ

જાહેર નોટીસ

આ જાહેર નોટીસ આથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા સર્વે શખ્સોને જણાવીએ છીએ કે મોજે ગામ મોગરી, તા.જી. આણંદના રે.સ.નં.૫૮૧/૧ જેનું કુલ ક્ષેત્રફળ હે. ૧-૧૫-૩૩ આરે વાળી બીનખેતીલાયક જમીનોમાં આવેલ આણંદ ઔદ્યોગિક વસાહત સહકારી મંડળી લિ. વાને આણંદ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્લોટ નં.૨૨ વાળી મિલકત જે (૧) છોગાજી પ્રાગજીભાઇ પ્રજાપતિ તથા (૨) બાબુલાલ હંસરાજ પ્રજાપતિ, રહે. આણંદનાઓએ પોતાની માલિકી કબજા ભોગવટાની જણાવી અમારી પાસે બેંક લોનના કામે સદરહું મિલકતનું ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. આ સીવાય મજકુર મિલકત કોઇપણ વ્યકિતનો કોઇપણ કારણથી કોઇપણ પ્રકારનો લાગભાગ, હક્ક, હિસ્સો, હિત હોય કે મજકુર મિલકતમાં કોઇ વ્યકિત કે નાણાકીય સંસ્થા કે કોઇપણ બેંકનો બોજો, ચાર્જ હોય કે મજકુર મિલકત અંગે અન્ય કોઇનો કોઇપણ જાતનો વાંધો હોય તો તેની લેખિત જાણ પુરાવા સાથે અમોને આજ દિનથી દિન ૭ (સાત)માં રજી.પો.એડી. અથવા રૂબરૂમાં કરવી તેમ કરવામાં કસુર થયેથી મજકુર મિલકતમાં અન્ય કોઇનો કોઇપણ જાતનો હક્ક હિસ્સો નથી અને જો હોય તો તે જતો (વેચ) કરેલ છે તેમ સમજી અમો મજકુર મિલકતનું ટાઇટલ ક્લીયર સર્ટીફીકેટ ઇસ્યુ કરીશું. ત્યારબાદ કોઇનો કોઇપણ પ્રકારનો વાંધો, તકરાર ચાલશે નહી. તેની ખાસ નોંધ લેવી.

મારી મારફતે :
હાર્દિક જી. બ્રહ્મભટ્ટ (એડવોકેટ-ગુજરાત હાઈકોર્ટ)
ઘનશ્યામભાઈ એમ. બ્રહ્મભટ્ટ (એડવોકેટ એન્ડ નોટરી)
ગ્રાઉન્ડ ફલોર, કોમલ બંગલો, ફલોરા ઘરઘંટીની બાજુમાં, નવા જીલ્લા સેવા સદન પાસે, આણંદ. મો. ૯૮૨૫૦ ૪૦૭૬૦ (ઓ) ૦૨૬૯૨-૨૬૩૦૫૫

ટૂંકી મુદતની જાહેર નિવેદા સને ૨૦૧૭-૧૮

બોરસદ તાલુકાના સીંગલાવ ગામ પંચાયતમાં જીલ્લા પંચાયત સ્વભંડોળ સને ૨૦૧૭-૧૮ હેઠળ પીવાના પાણીની ટેન્કર ખરીદવાનું હોય રસ ધરાવતા વેપારીઓ/ઈજારદારશ્રીઓએ આ જાહેરાત પ્રસિધ્ધ થયે દિન-૭માં સીંગલાવ ગ્રામ પંચાયત સરપંચશ્રીને ભાવપત્રક રજીસ્ટર પોસ્ટ એડીથી બંધ કવરમાં મોકલી આપવાના રહેશે. કવર ઉપર મથાળે ભાવપત્રક લખવાનું રહેશે. નિયત તારીખ બાદ આવેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં. કોઈપણ મંજુર કે નામંજુર કરવું તેનો અધિકાર સરપંચશ્રીનો રહેશે.

ચંપાબેન સી. ગોહેલ-સરપંચ, ગ્રામ પંચાયત, સીંગલાવ, તા.બોરસદ, જી.આણંદ
તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત, સીંગલાવ, તા.બોરસદ, જી.આણંદ

ખંભાત નગરપાલીકા, ખંભાત
જાહેર નિવિદા

(સન ૨૦૧૮-૧૯ કામના વાર્ષિક રેટ કોન્ટ્રાક્ટ માટે)

આથી અધિકૃત ડીલરો તથા સબ ડીલરો અને રસ ધરાવતી એજન્સીઓને જાણ કરવામાં આવે છે કે સન ૨૦૧૮-૧૯ના વર્ષ માટે ખંભાત નગરપાલીકાના વિવિધ વિભાગો માટે નીચે મુજબનો જરૂરી માલસામાન સપ્લાય કરવા માટે મરામત કરવાના કામે એજન્સીઓ મુકરર કરવાની થાય છે.

અનુ.નં.	કામની વિગત	ઈ.એમ.ડી રૂા.	ટેન્ડર ફી રૂા.
૧	પીવાના કામનું ઠંડુ પાણી ૨૦ લીટર કેપેસીટી/જગ સપ્લાય કરવાનું કામ	૫૦૦૦/	૨૫૦/
૨	નગરપાલીકા હસ્તકના વાહનો માટે પેટ્રોલ/ડીઝલ/ગ્રીસ સપ્લાય કરવાનું કામ	૧૦૦૦૦/	૨૫૦/
૩	જાહેર બાંધકામ વિભાગ માટે જરૂરી સીમેન્ટ/ઈંટો/રેતી/કપચી/મેટલ પુરણ વિગેરે સપ્લાય કરવાના કામ	૧૦૦૦૦/	૨૫૦/
૪	નગરપાલીકા કામે એસી/નોન એસી/ વાહનો ભાડે મેળવવાનું કામ	૫૦૦૦/	૨૫૦/
૫	નગરપાલીકાના કાના ઈ-ગવર્નન્સ વિભાગમાં જુદા જુદા ખાતામાં કોમ્પ્યુટરો તથા પ્રિન્ટરો રીકીલીંગ કરવાનું કામ	૧૦૦૦૦/	૨૫૦/
૬	બાંધકામ ખાતામાં પાણીની લાઈનો મરામત કરવાના કામે પીવીસી/આરસીસી/એસીએસી પ્રેશર પાઈપો/તથા સીઆઈ જોઈન્ટ/તથા ચેમ્બર ફ્રેમ કવર તેમજ પાણીની લાઈનો મરામત કરવાના અન્ય માલસામાન સપ્લાય કરવાના કરવાનું કામ	૧૦૦૦૦/	૨૫૦/
૭	સેનિટેશન ખાતા માટે જરૂરી માલસામાન ખરીદવાનું કામ તથા જેસીબી તેમજ ટ્રેકટર/ટ્રેકટર ટ્રોલી વિગેરે ભાડે રાખવાનું કામ	૨૦૦૦૦/	૨૫૦/
૮	વોટર વર્કસ ખાતામાં પાણીના શુધ્ધીકરણ માટે બ્લીચીંગ પાવડર/લીકવીડ/ફટકડી ગેસ વિગેરે તથા તેને લગતો માલસામાન ખરીદવાનું કામ	૧૦૦૦૦/	૨૫૦/
૯	લાઈટ ખાતાના જરૂરી માલસામાન ખરીદવાનું કામ	૨૦૦૦૦/	૨૫૦/
૧૦	વોટર વર્કસ ખાતામાં પમ્પીંગ મશીનરી મરામત કરવાનું કામ	૧૦૦૦૦/	૨૫૦/
૧૧	નગરપાલીકાના જુદા જુદા ખાતા માટે જરૂરીયાત મુજબની સ્ટેશનરી ખરીદવાનું કામ	૧૦૦૦૦/	૨૫૦/
૧૨	નગરપાલીકાના જુદા જુદા ખાતા માટે જરૂરીયાત મુજબની સ્ટેશનરી પ્રિન્ટીંગ કરવાનું કામ		

આ કામના કોરા ટેન્ડરો તા.૧૭/૩/૨૦૧૮ સુધીમાં સ્ટોરકીપર પાસેથી નિયત ટેન્ડર ફી ભરીને મેળવી શકાશે. ભરેલા ટેન્ડર સીલબંધ કવર ઉપર કામનું નામ લખીને તા.૨૬/૩/૨૦૧૮ સુધીમાં કુરીયર/૨.પો.એ.ડી.થી જમા કરાવવા અથવા રૂબરૂમાં ચીફઓફીસરશ્રીને મળે તે રીતે ખંભાત નગરપાલીકામાં જમા કરાવવાના રહેશે. આવેલ ટેન્ડરો મંજુર કે ના કરવાનો નગરપાલીકાને અબાધિત અધિકાર રહેશે. શરતી ટેન્ડરો કે મુદત બહાર આવેલ ટેન્ડરો અમાન્ય ગણાશે.

જે.જી.ડાભી, ચીફ ઓફિસર, ખંભાત નગરપાલીકા, ખંભાત
યોગેશ બી. ઉપાધ્યાય, એકઝીકયુટીવ કમિટી ચેરમેન, ખંભાત નગરપાલીકા, ખંભાત
પરીમલાબેન બી. શાહ, પ્રમુખ, ખંભાત નગરપાલીકા, ખંભાત

જાહેર હરાજી

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે મોજે દેવાવાંટા તા.વસો ગામે અલગ-અલગ વિસ્તારોમાં પડી ગયેલ બાવળ નંગ ૧૪૭ જેનું અંદાજીત વજન ૧૬૦૦ મણ જેની અંદાજે રકમ રૂપિયા ૯૫૦૦૦/- છે. જેની જાહેર હરાજીથી નિકાલ કરવા મે.તા.વિ.અધિ. સાહેબ તા.પં.કચેરી વસો જા.નં.તા.પં/જમન/વશી/૧૭૧થી ૧૭૩થી મંજુરી મેળવેલ છે. જેની હરાજી ૨૧/૩/૨૦૧૮ બુધવારના રોજ બપોર ૧૨:૦૦ કલાકે ગ્રામ પંચાયત દેવાવાંટા મુકામે રાખવામાં આવેલ છે. તો રસ ધરાવતા ઈસમોએ ભાગ લેવા વિનંતી છે. હરાજીમાં ભાગ લેનાર દરેક ઈસમે હરાજીના સમય પહેલા રૂા.૨૦,૦૦૦/- ડિપોઝીટ કરજીયાત ભરવાની રહેશે. ડિપોઝીટ ભરનાર ઈસમ જ હરાજીમાં ભાગ લઈ શકશે. હરાજીની અન્ય શરતો હરાજી વખતે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે.

તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત, દેવાવાંટા, તા.વસો,જી.ખેડા
તારાબેન જી. વાળંદ-સરપંચ, ગ્રામ પંચાયત, દેવાવાંટા, તા.વસો,જી.ખેડા
નામનિ-ચી/૬૬૬/૧૭-૧૮

IN THE COURT OF SMALL CAUSES AT MUMBAI, BANDRA BRANCH

exhibit no. 6 of 2018 IN REVISION PETITION NO. 71 OF 2017 IN EXHIBIT NO. 20 IN R.A.E SUIT NO. 227 OF 2016

Mrs. Bhanumati Vora (since deceased), Mr. Jayant Kanaiyalal Vora Residing at Flat No. 7, 1st floor, C-Wing, Rajesh Building, 107, J.P Road, Opp. Navrang Cinema, Andheri (West) Mumbai-400058 Petitioner

V/S

1. Mrs. Shubhangi Kamlesh Nawalkar, Residing at 142/C, Shubhangan Bungalow, 107, J.P.Road, Andheri (West) Mumbai-400058
2. Mr Rajesh Dwarkanath Patil, Residing at Rajesh Building, A Wing, 3rd Floor, 107, J.P.Road, Opp. Navrang Cinema, Andheri West, Mumbai-400058
3. Mr. Kanaiyalal Balubhai Vora, (since deceased) Residing at Sujan Apartment, B Wing, 1st Floor Flat No.15, Vallabh Vidyanagar, Anand, Gujarat-388120
4. Mr. Mukesh Kanaiyalal Vora, (son of deceased original tenant Defendant no.1)
5. Ms. Pushpaben Kanaiyalal Vora, (daughter of deceased original tenant (defendant no.1)

To,

The Respondent No. 4 & 5

Whereas, the plaintiff has made application praying that the dismissal order dated 15th June, 2017 passed in Exhibit No. 20 in R.A.E. Suit No.227 of 2016 by allowing the said notice be set aside and the said Exh 20 taken out by the Respondent no.1 and 2 be dismissed and other reliefs.

Whereas, that pending the hearing and disposal of the above Revision Petition, the order Dated 15/7/2017 in Exh 20 in R.A.E. Suit No.227 of 2016, be stayed with interim and ad interim relief.

You are hereby notice to appear in this Court in person or by pleader duly instructed on 28th March, 2018 at 2.45 p.m. in Court Room No.31, Court of Small Causes, Bandra Branch, Bhaskar Building, Anant Kanekar Marg, Bandra (East), Mumbai-400051 to file your reply accordingly.

If no appearance is made on your behalf by yourself, your pleader, or by some one by law authorized to act for you in this Revision and application, it will be heard and decided in your absence.

Given under seal of the Court,
This 9th day of March, 2018

S.K.Kaware
(Additional Registrar)